# સ્વ. કવિ શ્રી નિરંજન ભગત

---

ચિત્રલેખાના અમદાવાદના વરિષ્ઠ પત્રકાર મહેશ શાહે વિખ્યાત કવિ અને નિવૃત્ત પ્રાધ્યાપક ૯૧ વર્ષી નિરંજન ભગત સાથે નિરાંતે ચાર વખત રુબરુ મળીને એમનો વિસ્તૃત માહિતીપ્રદ હૃદયસ્પર્શી પરિચય તૈયાર કર્યો હતો. જે ચિત્રલેખાની વિશિષ્ટ મહાનુભાવોના સચિત્ર પરિચયની શ્રેણી મળવા જેવા માણસમાં ૨૯ મે ૨૦૧૭એ પ્રગટ થયો હતો. ભગત સાહેબનો ગુજરાતી પ્રકાશનોમાં પ્રકાશિત આ અંતિમ માહિતીપ્રદ વિસ્તૃત પરિચય બની રહ્યો. આ રહી એની ઝલકઃ

-જન્મ ૧૯૨૬ની ૧૮ મેએ મોસાળ અમદાવાદ (લાખા પટેલની પોળ, ખાડિયા).

-માતા મેનાબહેન અને પિતા નરહરિલાલ. એમને ત્રણ સંતાન : નિરંજન, અરુણ અને અર્ચિત.પુષ્ટિમાર્ગી વૈષ્ણવ પિતામહ હરિલાલ ગાંધી ભગતની ભજન મંડળીમાં સક્રિય હોવાથી ભગત ઓળખ અટક બની.

-૧૯૩૬માં નિરંજનના પિતા ઘરમાં કોઈને કહ્યા વિના ગૃહત્યાગ કરી ચાલ્યા ગયા. જે ઘેર કદી પાછા ન ફર્યા. એથી નિરંજન માતા સાથે મોસાળમાં રહ્યો.

-શાળા અભ્યાસ દરમિયાન નોબેલ પારિતોષિક વિજેતા રવિન્દ્રનાથ ટાગોરનો ગીતાંજલિ બંગાળી અને અંગ્રેજી અનુવાદિત સંગ્રહ વાંચ્યો. એનાથી પ્રભાવિત થઇને સ્વમેળે બંગાળી ભાષા શીખીને કાવ્ય રચ્યુંઃ આમાર પ્રાનેર બીના બાજે, તોમાર સૂરેર સાજે...

-૧૯૪૩માં ગુજરાતી સોનેટ જાગૃતિ રચ્યું. જે ૧૯૪૫માં કુમારમાં પ્રકાશિત થયું.

-અમદાવાદ અને મુંબઈમાંથી બી.એ. કર્યુ. અંગ્રેજી સાહિત્યમાં એમ.એ. કર્યુ. ૩૬ વર્ષ સુધી અમદાવાદની પાંચ કોલેજમાં અધ્યાપન કરાવીને ૧૯૮૬માં સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી નિવૃત્ત થયા.

-પ્રોફેસર તરીકે પાંચ નોકરી બદલી. ઘર પણ પાંચ બદલ્યા.

-રોજ બપોરે પોતાના ઘેર સાદુ ભોજન જમે. રોજ સાંજે ચોકકસ મિત્રોને મળવા જાય એમની સાથે ડીનર લે. અંગ્રેજી ફિલ્મો જુવે. અમુક મિત્રો સાથે વિદેશ ફરવા પણ જતા. નિસ્વાર્થ મૈત્રીની મહત્તા વિશે પુનશ્ચ કાવ્ય સંગ્રહમાં તેમણે લખેલું : જતાં જતાં કહીશ કે ન અન્ય સ્વપ્નો ભલે ફળ્યા. મારું મોટું સદ્ભાગ્ય કે મને આવા મિત્રો મળ્યા. મિત્રોએ જિવાડ્યો એથી તો આટલું જીવ્યો.

-દસેક વર્ષ મુંબઇ આવજા કરી. એમાં સ્ફૂરેલી કવિતા નગર કાવ્ય બન્યા. એના ૧૬ કાવ્ય સંગ્રહનું નામ પ્રવાલદ્વીપ રાખેલું. નગર કાવ્યોએ એમને આગવી ઓળખ અપાવી.

-ફ્રેન્ચ કવિ બોદલેર, અંગ્રેજ કવિ એલિયેટ, જર્મન કવિ રિલ્કે એમના આદર્શ રહ્યા.

-પ્રકાશિત કાવ્ય સંગ્રહો : છંદોલય (૧૯૪૯), કિન્નરી (૧૯૫૦), અલ્પવિરામ (૧૯૫૪), ૩૩ કાવ્યો (૧૯૫૯), પ્રવાલદ્વીપ (૧૯૫૯), પુનશ્ચ (૨૦૦૬), છવ્વીસમે (૨૦૧૨).

-એવોર્ડ-સમ્માન : કુમાર ચંદ્રક, નર્મદ ચંદ્રક, રણજીતરામ ચંદ્રક, પ્રેમાનંદ અને નરસિંહ મહેતા એવોર્ડ.

નિરંજનભાઇ ગુજરાતી ભાષાના લબ્ધ પ્રતિષ્ઠિત કવિ, સાહિત્યકાર, વિવેચક, નિવૃત્ત પ્રાધ્યાપક અને પ્રખર વકતા હતા. વિશ્વ સાહિત્યના ઉંડા અભ્યાસી, અંગ્રેજી અને ફ્રેન્ચ કાવ્યોના જ્ઞાતા તેમજ કવિવર ટાગોરના વિશેષ અભ્યાસીની આગવી ઓળખ ધરાવતા હતા.એકલવીર, એકાંતપ્રિય, અલગારી કવિ નિરંજન ભગત મૂડ-મિજાજ તેમજ મોજ-મૈત્રી અને મહેફિલના માણસ હતા. એમની અટક ભગત હતી પરંતુ ઉપાસના શબ્દોની કરી. નિજાનંદ માટે કાવ્યો લખ્યા.

ભગત સાહેબ સાથેની મુલાકાતના મહત્વના અંશો.

ચિત્રલેખા આપના કાવ્ય સર્જનની પ્રક્રિયા વિશે.

નિરંજન કાવ્યદેવીની વેદિ પાસે અનેકની ઉપસ્થિતિ હોય છે. પણ કાવ્યદેવી એમાંથી કોઇકને પસંદ કરે છે. સંકલ્પ કરીને પ્રોફેશનલ થઇ શકાય, કવિ નહીં. મારા માટે કાવ્યસર્જન ગૂઢ પ્રક્રિયા રહી છે. હું પ્રોફેશનલ પોએટ નથી. મારું કામ કાવ્યસર્જનનું છે. ભાવકો સ્વેચ્છાએ વાંચશે. એમને મારી રચના ન પણ ગમે. તો એ ભાવકોનો અધિકાર છે.

સંવેદનશીલતા વિશે.

મારા શૈશવના સ્વર્ગની પુનઃ પ્રાપ્તિ કરવાનો મેં કવિતામાં પ્રયત્ન કર્યો છે. કવિતામાં હું શૈશવ શોધું છું. એમ જીવનમાં પિતાને શોધું છું.

અછાંદસ કાવ્ય પ્રકાર ખૂબ વિકસ્યો છે.

અછાંદસ બહુ ભ્રષ્ટ શબ્દ છે. વ્યાખ્યા નકારાત્મક ન હોય.એવા કાવ્યને મિશ્ર લયની રચના કહી શકાય.

તમને શું વધુ ગમે.

મને પ્રકૃતિ કરતા મનુષ્ય વિશેષ ગમે છે. લોકોના ટોળાં જોવા ખૂબ ગમે. માનવટોળાંનો મને કેફ છે. હિમાલય પ્રાકૃતિક રીતે ભવ્ય છે. પરંતુ એ કરતાં મનુષ્ય મને વધુ ભવ્ય લાગ્યો.

તમે આત્મકથા લખવા ઇચ્છો છો.

કોઇક વાર એનું મન થયેલું. કવિ આત્મકથા લખે તો ભાવકો એ દૃષ્ટિએ જોવા લાગે છે એથી કવિની કવિતાને કયારેક સહન કરવું પડે છે.

આપના વસિયતનામા વિશે.

વસિયતનામું પાંચેક વર્ષ પહેલાં તૈયાર કરાવેલું. જેમાં ફ્લેટના વેચાણની અમુક રકમમાંથી અમારા વર્ષો જૂના નોકર જગતને ફ્લેટ લઇ આપીશ. બે હજારથી વધુ ગુજરાતી પુસ્તકો ગુજરાતી સાહિત્ય પરિષદ અને ફ્રેન્ચ પુસ્તકો અલાયંસ ફ્રાન્સીસ, ગ્રીક પુસ્તકો અમદાવાદ યુનિવર્સિટીને ભેટ આપીશ. અગાઉ પરિષદને ભેટ આપેલાં ત્રણેક હજાર અને હાલમાં ભેટ આપેલાં પુસ્તકો પરિષદમાં રુબરુ જઇને વર્ગીકૃત કરી આપીશ.

ભાવિ આયોજન.

મેનહટ્ટન-ન્યૂ યોર્કમાં ૧૯૮૫માં પ્રવાસ કરીને ૪ નગર કાવ્ય લખ્યા. હવે વધુ બાર નગર કાવ્ય લખીશ.

---

પત્રકારનું કથન : ભગત સાહેબને ચાર વખત એમના ઘેર (જલદર્શન ફ્લેટ, આશ્રમ રોડ) મળ્યો હતો. એમની સમયની પાબંધી પાક્કી જાણીને મુલાકાતના સમય કરતાં થોડો વહેલો પહોંચી જતો. આનંદ એ અનુભવ્યો કે એમણે આપેલા મુલાકાતના સમય કરતાં વધુ સમય સુધી મારી સાથે પ્રેમથી ખૂબ વાતો કરી. લાયબ્રેરી બતાવી. અગાસીમાં લઇ જઇ સાબરમતી રિવર ફ્રન્ટ બતાવ્યો. મારા સવાલના જવાબ ઉપરાંત દેશવિદેશ, ગાંધી, રાજકારણ વગેરે અનેક વિષય પર અસ્ખલિત બોલતા રહ્યા. એ સાચ્ચેજ મળવા જેવા માણસ અને સ્મરણમાં રાખવા જેવા મહામાનવ હોવાનો યાદગાર અનુભવ કર્યો.

આજે અફસોસ રહી ગયો છે કે કાશ, મેં ભગત સાહેબના ઇન્ટરવ્યૂનું ઓડિયો રેકોર્ડિંગ કર્યુ હોત તો હું ગુજરાતી ભાષા-કાવ્ય-સાહિત્યપ્રેમીઓને ભગત સાહેબની વાણી-વિચારનો અણમોલ ખજાનો આપી શકયો હોત. પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે એવી ચિત્રલેખા પરિવારની પ્રાર્થના.).

-મહેશ શાહ